ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગુજરાતમાં દરરોજ મધર્સ-ડે ઉજવાય છે

## 'ખિલખિલાટ' અને '૧૦૮' સર્વિસ પ્રસુતિ સહિત માતા-શિશુને સુરક્ષિત ઘરે પહોંચાડવાની જવાબદારી અદા કરે છે



ગાંધીનગર, તા. ૧૦

મે માસનો બીજો રવિવાર વિશ્વની દરેક માતા માટે મહત્વનો હોય છે. કારણ કે આ દિવસે સમગ્ર વિશ્વમાં 'મધર્સ ડે'ની ઉજવણી કરવામાં આવે છે. માતા અને બાળકના ખાસ સંબંધને ઉજવવામાં રાજ્યની બે એમ્બ્યુલન્સ સેવાઓ અત્યંત મહત્વની ભુમિકા ભજવે છે. '૧૦૮' સર્વિસ દ્વારા પ્રસુતિની સેવા સહિત માતૃ-બાળ સુરક્ષાની સેવા મળે છે તો ખિલખિલાટ વાન પ્રસુતિ બાદ માતા અને બાળકને સુરક્ષિત ઘર સુધી મુકી જવાની સેવા આપે છે. આ બંને સેવાઓ દરરોજ મધર્સ ડે ઉજવે છે તેવું કહેવુ યથાયોગ્ય રહેશે.

૧૦૮ની સેવાનો વર્ષ ૨૦૦૩માં પ્રારંભ થયો છે. ત્યારથી અત્યાર સુધી તેને મળેલા ઈમરજન્સી કોલમાં ૩૩ ટકા ફાળો પ્રસુતી સંબંધીત કોલનો રહ્યો છે. જ્યારે જનની સુરક્ષા યોજના હેઠળ શરૂ થયેલી ખિલખિલાટ સર્વિસ કે જેમાં સરકારી હોસ્પિટલમાં દાખલ માતા અને નવજાત શિશુને ઘર સુધી પહોંચાડવામાં આવે છે. આ સર્વિસ અત્યાર સુધી ૧,૩૫,૩૪૦ પ્રસુતા માતા અને બાળકને સુરક્ષીત ઘર સુધી પહોંચાડ્યા છે. ૨૦૦૩થી શરૂ થયેલી ૧૦૮ સર્વિસને દરરોજ પ્રસુતિ સંબંધિત ઘણા કોલ મળે છે. અત્યાર સુધી ૧૦૮ દ્વારા પ્રસુતિને લગતા ૧૫,૬૧,૯૬૫ કેસનો પ્રતિસાદ અપાયો છે. જે પૈકી ૪૫,૫૦૫ જેટલા કેસોમાં તો એમ્બ્યુલન્સમાં કે સ્થળ પર પ્રસુતિ માટે મદદ કરવામાં આવી છે.

રાજ્ય સરકારના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ખિલખિલાટ સર્વિસનો રાજ્યમાં સપ્ટેમ્બર-૨૦૧૨ થી પ્રારંભ કરાયો છે અને તે અંતર્ગત એપ્રિલ-૨૦૧૪ સુધીમાં ૧,૩૫,૩૪૦ માતા અને શિશુને સુરક્ષિત રીતે તેમના ઘરે પહોંચતા કરાયા છે. આ સર્વિસ માત્ર સરકારી હોસ્પિટલોમાં દાખલ થયેલી ગરીબ પરિવારની માતાઓ અને શિશુને જ આપવામાં આવે છે.

### ખિલખિલાટ સર્વિસ દ્વારા અપાયેલ પ્રતિસાદ

| શહેર | કેસની સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૨૪૧૯૮ |
| વડોદરા | ૧૨૮૩૫ |
| સુરત | ૮૯૦૨ |
| રાજકોટ | ૧૦૦૯૩ |
| આણંદ | ૬૬૫૬ |
| ખેડા | ૨૪૦૩ |
| મહેસાણા | ૩૦૯ |
| સુરેન્દ્રનગર | ૧૩૩૪ |




# સ્વર્ણિમ પાર્કમાં વૃક્ષોને યથાવત રાખવા ડિઝાઈનમાં ફેરફાર કરાશે

## ઘ-૪ થી ચ-૪ વિસ્તારમાં ૨૦૦ જેટલા વૃક્ષોને માર્કીંગ કરાયું : વૃક્ષોના સ્થાન મુજબ ડિઝાઈન બદલાશે

ગાંધીનગર, તા. ૧૦

સ્વર્ણિમ પાર્કના ડ્રીમ પ્રોજેક્ટ અન્વયે બીજા તબક્કાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જ્યારે ઘ-૪ થી ચ-૪ વિસ્તારમાં વોટરબોડી અને વિવિધ પ્લાઝા નિર્માણ કરવાનું કામ ચાલી રહ્યું છે. આ યોજના અન્વયે હરિયાળી બરકરાર રાખવા આ વિસ્તારમાં સ્થિત ૨૦૦ જેટલા વૃક્ષોનું માર્કીંગ કરવામાં આવ્યું છે. આ વૃક્ષોનું અસ્તિત્વ ટકાવી રાખવા ડિઝાઈનમાં ફેરફાર કરવામાં આવશે. અલબત્ત વૃક્ષો કોઈપણ ભોગે કાપવામાં આવશે નહી.

શહેરના મુખ્ય વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કની મહત્વકાંક્ષી યોજનાનુ કામ ચાલી રહ્યું છે. પ્રથમ તબક્કામાં ગ-૪ થી ઘ-૪ વિસ્તારમાં ફૂટપાથ, વોકવે, ગાર્ડન, પ્લાન્ટેશન સહીતના આકર્ષણો ઉભા કરાયા બાદ હાલ બીજા તબક્કા અન્વયે ઘ-૪ થી ચ-૪ વિસ્તારમાં ડ્રીમ પ્રોજેક્ટનું કામ આગળ ધપાવવામાં આવી રહ્યું છે. આ અન્વયે વિવિધ પ્રકારના પ્લાઝા, બગીચા તેમજ વોટરબોડી સહીતના આકર્ષણો ઉભા કરવામાં આવનાર છે. બીજી તરફ આ વિસ્તારમાં સ્થિત આંબેડકર ઉદ્યાન તેમજ આસપાસના બે રસ્તાઓ પણ તોડી પાડવામાં આવ્યા છે. જ્યારે આંબેડકર ઉદ્યાનમાં સ્થિત હરિયાળા વૃક્ષોને નુકશાન ન થાય તે માટે તંત્ર દ્વારા આ વૃક્ષોને માર્કીંગ કરી દેવાયું છે. આ વૃક્ષોને યથાવત રાખવા પ્રોજેક્ટની ડિઝાઈનમાં પણ જરૂી ફેરફાર કરવામાં આવશે. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર વૃક્ષોને માર્કીંગ કરી દેવાયા બાદ આ વૃક્ષોનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે પાર્કની ડિઝાઈનમાં પણ જરૂરી ફેરફાર કરવામાં આવશે. વૃક્ષોના સ્થાનને ધ્યાને રાખી નવી ડિઝાઈન તૈયાર કરવામાં આવશે.

# સે. ૭માં ભયજનક ૨૩ બ્લોક તોડી પાડવાનો મામલો અદ્ધરતાલ

## શોપિંગ વિસ્તાર પાછળ સ્થિત ભયજનક આવાસોના ખુલ્લા પેસેજમાં શ્રમિકોનો વસવાટ !

ગાંધીનગર, તા. ૧૦

સે. ૭માં નિકાલ હેઠળના મકાનો સીલ કરી દેવાયા બાદ પણ ભયજનક આવાસોના ખુલ્લા પેસેજમાં શ્રમિકોનો વસવાટ યથાવત છે. નિકાલ હેઠળના ૨૩ જેટલા બ્લોક તોડી પાડવાની દરખાસ્ત સંદર્ભે લાંબા સમયથી કોઈ નિર્ણય ન લેવાતા આવાસો ગમે ત્યારે ભયજનક પુરવાર થાય તેવી દહેશત છે.

શહેરના વિવિધ સેક્ટરોમાં સ્થિત ૧૬ હજાર જેટલા સરકારી આવાસો પૈકી વર્ષ ૨૦૦૫ દરમિયાન તંત્ર દ્વારા ૧૯૦૫ જેટલા મકાનો નિકાલ હેઠળના જાહેર કરાયા હતા. આમ છતાં એક દાયકાના લાંબા સમય બાદ પણ આ આવાસોનો યોગ્ય નિકાલ થઈ શક્યો નથી. તંત્ર દ્વારા નિકાલ હેઠળના મકાનો દૂર કરવા તબક્કાવાર દરખાસ્ત કરવામાં આવી રહી છે. અગાઉ પણ સે. ૭ અને સે. ૧૩માં આવા ભયજનક આવાસો તોડી પાડવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યપાલ ડૉ. કમલા બેનિવાલને હોસ્પિટલમાં દાખલ કરાયા

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત રાજ્યના રાજ્યપાલ ડૉ. કમલા બેનિવાલને આજે સાંજે છાતીમાં દુખાવાની ફરિયાદને પગલે સારવાર માટે અમદાવાદ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. બે દિવસ પૂર્વે એક્સ-રે પણ કરાવાયો હતો. મોડીસાંજે સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ ડૉ. કમલા બેનિવાલનું સ્વાસ્થ્ય સ્થિર છે અને એકાદ-બે દિવસમાં તબિયતમાં સુધારો થતાં હોસ્પિટલમાંથી રજા અપાશે.

# વારાણસી-દિલ્હી વિમાનને એકાએક જયપુરમાં ઉતરાયણ કરાવાયું

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતના ભાજપના કેટલાક ધારાસભ્યો જેમાં મુસાફરી કરી રહ્યા હતા તે વારાણસીથી દિલ્હી તરફ જઈ રહેલ વિમાનને આજે સાંજે જયપુર અચાનક ઉતરાયણ કરાવાયું હતું. એક તબક્કે ચર્ચાતું હતું કે, વિમાનમાં તકનીકિ ખરાબીને કારણે ઉતરાયણ કરાવવાની ફરજ પડી હતી. જોકે કોઈ ગંભીર પ્રકારની ખામી ન હોવાથી એકાદ કલાકમાં વિમાની સેવા પુનઃ કાર્યાન્વિત થઈ હતી.



રાયણની મીઠાશ - ગરમીની મોસમમાં રાયણના ફળ એટલે કે રાયણા ખૂબ જ મીઠા લાગે છે... જેમ જેમ ગરમી વધતી જાય તેમ તેમ લીલાછમ લાગતા રાયણના ફળ પીળાલચક બની જમીન પર પડે છે ત્યારે એકદમ મીઠા બની જાય છે... એવી જ રીતે અથાણામાં લોકભોગ્ય સ્થાન ધરાવતી ગુંદી પણ આજકાલ બજારમાં વ્યાપક પ્રમાણમાં નજરે પડે છે. ખાટીમીઠી મોસમ માણવાની મજા મજા છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# વિજયોત્સવની તૈયારી : હાલમાં ખામોશી

## વડોદરામાં મોદીની ઐતિહાસિક જીત નક્કી પણ વારાણસી માટે ભાજપના નેતા બિલ્લી પગે ચાલે છે

અમદાવાદ, તા.૧૦

વિશ્વના સહુથી મોટા લોકતાંત્રિક દેશ ભારતમાં લોકસભાની ચૂંટણીનો છેલ્લો તબક્કો તા. ૧૨મી મે સોમવારના રોજ પૂર્ણ થશે અને ૧૬મી મે ના રોજ જાહેર થનારા પરીણામ પર સમગ્ર વિશ્વની નજર કેન્દ્રીત થઈ છે. અત્યંત રસપ્રદ અને રસાકસીભરી બની રહેલી આ ચૂંટણીમાં એક તરફ મોંઘવારી તથા ભ્રષ્ટાચારના મુદ્દે કોંગ્રેસની હાલત અનેક સ્થળોએ નાજુક બની રહી છે ત્યારે બીજી તરફ નરેન્દ્ર મોદી જેવા કદાવર નેતાના મજબૂત નેતૃત્વ હેઠળ ભાજપ તથા સાતી પક્ષોને હવે કેન્દ્રમાં સત્તા મળશે તેવી આશા જન્મી છે ત્યારે ખાસ કરીને દિલ્હી અને ગુજરાત ભાજપના કાર્યાલયો ૧૬મીએ શાનદાર વિજયોત્સવની ઉજવણીની તૈયારીમાં લાગી ગયા હોવાનું જાણવા મળે છે. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં લડાયેલી લોકસભાની ચૂંટણીમાં જો કેન્દ્રમાં ભાજપ તથા એનડીએને સત્તા મળશે તો દેશભરમાં જીતની શાનદાર ઉજવણી કરવાનો તખ્તો ભાજપમાં અંદરખાને ગોઠવાઈ ગયો છે. જો કે બીજી તરફ ભાજપના કેટલાક પીઢ અને અનુભવી નેતાઓ વિજયના આ સૂચિત ઉન્માદની અત્યારથી જ જાહેરમાં અભિવ્યક્તિ નહીં કરવાની કાર્યકરોને સલાહ આપી રહ્ય છે હજુ સોમવારે અંતિમ તબક્કાનું મતદાન થયા બાદ મતદાનનું વિશ્લેષણ કર્યા પછી જ કોઈ નિષ્કર્ષ પર પહોંચી શકાશે તે પહેલા કોઈ પણ પ્રકારના તર્ક, આગાહી, થનારી જીતની અભિવ્યક્તિ કે અતિશયોકિતથી દૂર રહેલા ભાજપના સ્થાનિક કાર્યકરોને અત્યારથી જ સલાહ આપવામાં આવી રહી છે. ગુજરાતના ભાજપ કાર્યાલયમાં આજે ચૂંટણી પ્રચારના પડઘમ શાંત થયા બાદ કોઈ વિશેષ પ્રકારની ચહલપહલ જોવા મળતી નહતી. બધાની નજર ૧૨મી ઉપર કેન્દ્રીત થઈ છે અને ૧૬મી ના પરીણામની ઉત્તેજના ભાજપના આગેવાનો તથા કાર્યકરોના ચહેરા પર કેટલીક શંકા-કુશંકા સાથે જોવા મળી રહી હતી.



કબૂતરોની કતાર - પક્ષીઓમાં સૌથી ભોળુ પક્ષી એટલે કબૂતર... ગરમીની મોસમમાં ઠંડક મેળવવા અને તરસ છીપાવવા જળાશયના કિનારે શિસ્તબદ્ધ રીતે ગોઠવાયા છે... અબોલ પશુ-પક્ષીઓ ઉનાળામાં પાણી માટે ભારે દોડધામ અનુભવે છે... પક્ષીઓ ઉડાઉડ કરી જળાશયો સુધી પહોંચે છે અને તરસ છીપાવે છે...


### નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૧૨-૫-૧૪, સોમવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૧૧-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૨૩ સબ સ્ટેશન


સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ











Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com